RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 153* Date: 24.03.2023, Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં છેલ્લા દિવસથી વરસી રહેલો કમોસમી વરસાદ રોકાવાનું નામ નથી લઈ રહ્યો

### ભાવનગર શહેરમાં ધોધમાર વરસાદ વરસતા જળબંબાકારની સ્થિતિ, અમરેલીમાં સ્થાનિક નદી બે કાંઠે વહેતી થઈ



ભાવનગર,તા.૨૩

સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં છેલ્લા દિવસથી વરસી રહેલો કમોસમી વરસાદ રોકાવાનું નામ નથી લઈ રહ્યો. આજે પણ ભાવનગર, જામનગર, અમરેલી, બોટાદ સહિતના વિસ્તારના વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ભાવનગર શહેરમાં તો બપોરના સમયે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસતા શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. રસ્તા પર ઘૂંટણસમા પાણી ભરાઈ જવાના કારણે રાહદારીઓ અને વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. તો બીજી તરફ અમરેલીના રાજુલા પંથકમાં પણ ભારે પવન સાથે વરસાદ વરસવાના કારણે સ્થાનિક નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી.

ભાવનગર શહેરના વાતાવરણમાં આજે બપોરના સમયે પલટો જોવા મળ્યો હતો. શહેરમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. શહેરના કુંભારવાડા, મોતી તળાવ, સુભાષનગર, ઘોઘા સર્કલ, શિવાજી સર્કલ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાતા રાહદારી અને વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા.

અમરેલી જિલ્લામાં આજે બપોરના સમયે રાજુલા, જાફરાબાદ, સાવરકુંડલા પંથકના વાતાવરણમાં પણ પલટો જોવા મળ્યો હતો. રાજુલા પંથકમાં બપોરના સમયે ભારે પવન ફૂંકાયા બાદ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે રસ્તાઓ પર પાણી વહેતા થયાં હતાં. તો જાફરાબાદના નાગેશ્રી, કાગવદર, ભટવદર સહિતના વિસ્તારમાં અને સાવરકુંડલાના ચીખલી, વીજપડી, ભમર, ધાંડલા, આંબરડી સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતા સ્થાનિક નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. જિલ્લામાં સાત દિવસથી સતત કમોસમી વરસાદ વરસતા ખેડૂતોની સ્થિતિ કફોડી બની છે.

ધારી પંથકમાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસ્યા બાદ આજે ધારીના નાગધ્રા, કાંગસા સહિત આસપાસના વિસ્તારમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. બપોરના સમયે થોડીવાર માટે ધોધમાર વરસાદ વરસતા ગામડાના રસ્તાઓ પર પાણી વહેતાં થયાં હતાં.

સામાન્ય રીતે ચૈત્ર મહિનામાં આકરો તાપ પડતો હોય છે અને લોકો ગરમીનો અનુભવ કરતા હોય છે.

પરંતુ, અમરેલી જિલ્લામાં છેલ્લા સાત દિવસથી વરસાદી માહોલ છવાયો છે. સતત વાદળછાયું વાતાવરણ રહેતા અને વરસાદ વરસવાના કારણે હાલ લોકો આકરી ગરમીના બદલે ઠંડકનો અનુભવ કરી રહ્યા છે. જો કે, વાતાવરણના આ પલટાના કારણે ખેડૂતોની ચિંતા વધી છે.

જામનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ગઈકાલે કમોસમી વરસાદ વરસ્યા બાદ આજે શહેરમાં પણ હળવા વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં.

બપોરના સમયે શહેરના કેટલાક વિસ્તારમાં વરસાદી ઝાપટાં પડતા લોકોમાં દોડધામ જોવા મળી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જામનગર જિલ્લાના ગ્રામ્ય પંથકમાં ગઈકાલે માવઠું થયું હતું.

ત્યારબાદ આજે બપોરના સમયે શહેરના કેટલાક વિસ્તારોમાં પણ હળવા વરસાદી ઝાપટા વરસ્યાં હતાં.

શહેરમાં ચાર દિવસથી વાદળછાયું વાતાવરણ સર્જાઈ રહ્યું છે. આજે બપોરના સમયે અચાનક વરસાદી ઝાપટાં વરસતા રસ્તા પર લોકોમાં દોડધામ જોવા મળી હતી.

ગુજરાતના અન્ય જિલ્લાની માફક સુરેન્દ્રનગરમાં પણ કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ચોટીલામાં પવન સાથે વરસાદ વરસવાના કારણે ખેતીમાં ઊભા પાકને નુકસાન થયું હતું. ઊભો પાક નાશ પામતા ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે.

દરમિયાન માવઠાથી થયેલ નુકસાનનું વળતર ના મળતા ગુજરાતના ખેડૂતો રોષે ભરાયા છે. સુરેન્દ્રનગરના ખેડૂતોએ તાત્કાલિક વળતર ચૂકવવા સરકાર સામે માંગ કરી છે.

૩ વર્ષમાં ૮ વખત માવઠું થયું પણ વળતર ના મળ્યાના આક્ષેપ ખેડૂતોએ કર્યો. ખેડૂતોએ કહ્યું કે, ચાલુ વર્ષે માવઠાથી પાકને ભારે નુકસાન થયું છે.

સરકાર આશ્વાસન આપે છે પણ વળતર નથી આપતું. નુકસાની અંગે યોગ્ય રીતે સર્વે પણ નથી કરાતો.

તાત્કાલિક ખેડૂતોને વળતરના રૂપિયા મળવા જોઈએ.

### છોકરી સાસરે પરેશાન કરે તો પડી શકે છે લેવાના દેવા

# સબુત માન્ય લાગતા ફેમિલી કોર્ટના આદેશ સામે પત્નીની અપીલ કોર્ટે ફગાવી દીધી

### ફેમિલી કોર્ટે પતિની અરજી સ્વીકારીને છૂટાછેડાનો હુકમ કર્યો હતો

ભોપાલ,તા.૨૩

મધ્યપ્રદેશ હાઈકોર્ટે, ક્રૂરતાના આધારે દંપતીના લગ્ન વિચ્છેદનને સમર્થન આપતા, અવલોકન કર્યું કે પત્ની, પતિ અથવા તેના પરિવારના સભ્ય પ્રત્યે આદર ન બતાવે તે પતિ પ્રત્યે ક્રૂરતા સમાન હશે. કોર્ટે એ હકીકતની નોંધ લીધી હતી કે પત્નીએ સાસરિયાનું ઘર છોડી દીધું હતું અને ૨૦૧૩થી પતિથી અલગ રહેતી હતી. તે પતિ સાથે રહેવા માટે પણ તૈયાર નથી, તેને ક્રૂરતાના આધારે છૂટાછેડાનો માન્ય કેસ બનાવાયો છે.

આ સાથે જસ્ટિસ શીલ નાગુ અને જસ્ટિસ વીરેન્દ્ર સિંહની ડિવિઝન બેન્ચે ફેમિલી કોર્ટના તારણો માન્ય રાખ્યા હતા, જેમાં પતિએ ક્રૂરતા સાબિત કરી હતી અને તેથી ફેમિલી કોર્ટના આદેશ સામે પત્નીની અપીલ ફગાવી દીધી હતી. ફેમિલી કોર્ટે પતિની અરજી સ્વીકારીને છૂટાછેડાનો હુકમ કર્યો હતો.

પતિ વ્યવસાયે જોઈન્ટ કમિશનર ઓફ ઈન્કમટેક્સ છે. તેઓના લગ્ન વર્ષ ૨૦૦૯ માં થયા હતા, જો કે, લગ્ન ટકી શક્યા ન હતા અને તેથી તેઓએ ક્રૂરતા અને ત્યાગના આધારે ફેમિલી કોર્ટ, જયપુરમાં છૂટાછેડાની અરજી કરી હતી. બાદમાં સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ અરજી ભોપાલ સ્થિત કોર્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી.ફેમિલી કોર્ટે બંને આધારને સમર્થન આપ્યું હતું, જો કે, નોંધ્યું હતું કે પતિ દ્વારા અરજી દાખલ કરવામાં આવે ત્યાં સુધીમાં ૨ વર્ષનો વૈધાનિક સમયગાળો વીતી ગયો ન હોવાથી, ત્યાગના તે આધાર પર હુકમનામું મંજૂર કરી શકાય નહીં. ,

જો કે, કોર્ટે 'ક્રૂરતા'ના આધારે અરજી સ્વીકારી અને છૂટાછેડાના હુકમનામું દ્વારા તેમના લગ્નને છુટા કરવાની મંજુરી આપી હતી. આ હુકમને પડકારતાં પત્નીએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી.

પત્નીએ રજૂઆત કરી હતી કે ફેમિલી કોર્ટે પતિનું વર્તન અપીલકર્તા પ્રત્યે યોગ્ય ન હતું તે ધ્યાનમાં લીધું ન હતું અને તેણીને હેરાન કરવા અને તેણીને બાળકની કસ્ટડી આપવા માટે તેણીની સામે ઘણી વ્યર્થ ફરિયાદો નોંધાવી હતી. તે પણ સબમિટ કરવામાં આવ્યું છે કે કોર્ટે કલમ ૪૯૮ હેઠળ તેણીની અરજી પેન્ડન્સીની હકીકતને અવગણી હતી, તેથી તેણીએ અસ્પષ્ટ ચુકાદા હેઠળ મંજૂર કરાયેલ છૂટાછેડાના હુકમને બાજુ પર રાખવા માટે પ્રાર્થના કરી હતી.એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે પતિ અને તેના પરિવારના અન્ય સભ્યો દ્વારા પૂરતું દહેજ ન લાવવા બદલ તેણીને પરેશાવ કરવામાં આવતી હતી, અપમાનિત કરવામાં આવી હતી અને હેરાન કરવામાં આવી હતી .

બીજી તરફ, પતિએ રજૂઆત કરી હતી કે પત્ની ખૂબ જ ઘમંડી, જિદ્દી,ખરાબ સ્વભાવની સ્ત્રી છે જેના મનમાં એવો ભ્રમ છે કે તે આઈપીએસ અધિકારીની પુત્રી છે. આ સબમિશનની પૃષ્ઠભૂમિ અને સંભવિતતાઓની પ્રબળતાના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને, સમગ્ર પુરાવાની તપાસ કરવા પર, કોર્ટે અવલોકન કર્યું, "ફેમિલી કોર્ટ સમક્ષ પ્રતિવાદી/પતિ વતી તપાસવામાં આવેલા સાક્ષીઓના નિવેદનોને કાળજીપૂર્વક વાંચવા પર, અમને એવું કંઈ મળ્યું નથી કે જે તેમને કોઈપણ ભૌતિક પાસામાં અવિશ્વસનીય અથવા શંકાસ્પદ બનાવે." પરિણામે, ક્રૂરતાના આધારે પતિની તરફેણમાં છૂટાછેડાના હુકમનામું આપતા ફેમિલી કોર્ટના આદેશને યથાવત રાખતા કોર્ટે પત્નીની અપીલને ફગાવી દીધી હતી.

### સુરત માનહાનિ કેસમાં ચુકાદો

## કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીને બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવવામાં આવી

સુરત,તા.૨૩

સુરતની કોર્ટમાં કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી સામે ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ 'મોદી' અટક ધરાવતા વ્યક્તિઓ પર ટિપ્પણી કરવા બદલ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં આજે ચુકાદો આવ્યો છે જેમાં રાહુલ ગાંધીને બે વર્ષની સજા અને પંદર હજાર રૂપિયાના દંડની સજા સંભળાવવામાં આવી છે.

આ ચુકાદા બાદ રાહુલ ગાંધીના વકીલે જામીન માગ્યા હતા અને તરત જામીન આપવામાં આવ્યા હતા. હવે રાહુલ ગાંધી આ કેસ લઈને હાઈકોર્ટમાં જશે એવું જાણવા મળ્યું છે.

કર્ણાટકના કોલાર ગામમાં ૧૩ એપ્રિલ ૨૦૧૯ના દિવસે સાંસદ અને કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી સભામાં કહ્યું હતું કે નીરવ મોદી, લલિત મોદી, નરેન્દ્ર મોદીની અટક કેમ કોમન છે? બધા ચોરની અટક મોદી કેમ છે? રાહુલના આ નિવેદનને લઈને ભાજપના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ સુરત કોર્ટમાં તેમની વિરુદ્ધ અપરાધિક માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં સુનાવણીઓ થઈ અને આજે સુરતની અદાલતે માનહાનિ કેસમાં ચુકાદો આપ્યો હતો.

રાહુલ ગાંધી સુરત કોર્ટમાં હાજર રહ્યા હતા. સુરતની અદાલતે આજે ચુકાદો આપતાં માનહાનિ કેસમાં રાહુલ ગાંધીને દોષિત જાહેર કર્યા હતા. કલમ ૪૯૯ અને ૫૦૦ મુજબ તેમને બે વર્ષની સજા સંભળાવામાં આવી હતી અને પંદર હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીના વકીલે રાહુલ વતી આ કેસમાં જામીન માગતાં અદાલતે તે મંજૂર કર્યા હતા. રાહુલ ગાંધીના વકીલ બાબુભાઈ માંગુકિયાએ કહ્યું કે ૪૯૯ અને ૫૦૦ મુજબ દોષિત જાહેર થયા છે. આમાં લાંબી સજાની જોગવાઈ નથી.

જામીન મળી ગયાં છે. નૈષધ દેસાઈ અને હસમુખ દેસાઈ રાહુલ ગાંધીના જામીનદાર બન્યા છે.

ફરિયાદી પક્ષ વકીલ તરફથી દલીલ કરવામાં આવી કે, કાયદાના ઘડનારા જ કાયદાનું ઉલ્લંઘન કરે તો એને માફ કરી શકાય નહીં. જેથી રાહુલ ગાંધીને સજા થાય તે માટેની દલીલ કરવામાં આવી છે.

રાહુલ ગાંધીને વિષે તેમના તો વકીલે જવાબ આપ્યો કે, આ સમગ્ર ઘટનામાં કોઈ પણ પ્રકારની કોઈને ઈજા થઈ નથી. કોઈને નુકસાન થયું નથી. એવું કંઈ સામે આવ્યું નથી. અમારે કોઈપણ પ્રકારની દયા અરજી કરવી નથી.

કોર્ટમાં સુનાવણી દરમિયાન રાહુલ ગાંધી પણ હાજર હતા.

## કાયદા અને ન્યાયમાં વિશ્વાસ રાખો, તે મુજબ લડીશું: કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે

નવીદિલ્હી,તા.૨૩

ગુજરાતના સુરતની એક અદાલતે ૨૦૧૯માં કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી દ્વારા મોદી અટક અંગે કરેલી ટિપ્પણી પર પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને આ કેસમાં દોષિત ઠેરવી બે વર્ષની જેલની સજા ફટકારી હતી. જો કે આ કેસમાં તેને તરત જ જામીન મળી ગયા હતા. આ સાથે જ રાહુલ અને અન્ય વિપક્ષી નેતાઓની પ્રતિક્રિયા પણ સામે આવી છે. મહાત્મા ગાંધીને ટાંકીને રાહુલ ગાંધીએ લખ્યું, મારો ધર્મ સત્ય અને અહિંસા પર આધારિત છે. સત્ય મારા ભગવાન છે, અહિંસા તેને મેળવવાનું સાધન છે.



કોંગ્રેસના રાષ્ટ્રીય મલ્લિકાર્જુન ખડગેએ કોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેમને જામીન મળી ગયા છે. અમે શરૂઆતથી જ જાણીએ છીએ કે ન્યાયાધીશો બદલતા રહ્યા. અમે કાયદા અને ન્યાયતંત્રમાં વિશ્વાસ કરીએ છીએ અને અમે કાયદા અનુસાર તેની સામે લડીશું.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કહ્યું, અમે કહી રહ્યા છીએ કે અમારી લોકશાહી ખતરામાં છે કારણ કે ન્યાયતંત્ર, ચૂંટણી પંચ, ઈડી અને આ તમામનો દુરુપયોગ થઈ રહ્યો છે. તમામ નિર્ણયો અમલમાં લેવામાં આવે છે. આવી ટિપ્પણીઓ સામાન્ય છે..રાહુલ ગાંધી એક હિંમતવાન માણસ છે અને તેઓ જ દ્રઢ્છ સરકાર સાથે સ્પર્ધા કરી શકે છે.

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ પોતાના ટ્વિટમાં પ્રતિક્રિયા આપતા કહ્યું કે, ડરી ગયેલી સત્તા, દામ, દંડ, ભેદ લગાવીને રાહુલ ગાંધીનો અવાજ દબાવવાનો પ્રયાસ કરી રહી છે. મારા ભાઈ ક્યારેય ડર્યા નથી અને ક્યારેય થશે પણ નહિ. સત્ય બોલતા જીવ્યા છે, સત્ય બોલતા રહીશે. દેશના લોકોનો અવાજ બુલંદ કરતા રહીશું. સત્યની શક્તિ અને કરોડો દેશવાસીઓનો પ્રેમ તેમની સાથે છે.

કોંગ્રેસના સાંસદ રેવંત રેડ્ડીએ કહ્યું કે, રાહુલ ગાંધી તાનાશાહી વિરુદ્ધ અવાજ ઉઠાવી રહ્યા છે. જે ખોટું છે તે ખોટું છે તે કહેવાની તેની હિંમત છે.

## પંજાબ પોલીસે અમૃતપાલ સિંઘના નજીકના ગોરખા બાબાની ધરપકડ કરી

ચંદીગઢ,તા.૨૩

ખાલિસ્તાન સમર્થક અને અલગાવવાદી અમૃતપાલ સિંઘના કેસમાં પંજાબ પોલીસને એક મોટી સફળતા મળી છે. અમૃતપાલ સિંઘના સહયોગી તેજિન્દર સિંહ ઉર્ફે ગોરખા બાબાની ધરપકડ કરી છે. ગોરખા બાબા ખન્નાના મલૌદ વિસ્તારના મંગેવાલ ગામનો રહેવાસી છે. તે મોટેભાગે અમૃતપાલની સાથે રહેતો હતો અને અજનાલા કેસમાં પણ વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો. ગોરખા બાબા એક સમયે અમૃતપાલનો ગનમેન હતો.

પંજાબ પોલીસ અને કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહને શોધી રહી છે. તેના પર પાકિસ્તાની ડ્રગ્સ માફિયા અને ગેરકાયદેસર હથિયાર લોબી સાથે સંબંધ હોવાનો આરોપ છે. તેણે પાકિસ્તાનમાંથી શસ્ત્રો મેળવ્યા અને તેને એકઠા કરીને તેના સમર્થકોમાં વહેંચી દીધા. આ સંદર્ભમાં ગુપ્તચર એજન્સીઓએ તમામ સ્રોતો અને પુરાવાઓને એકસાથે જોડવાનો પ્રયાસ કર્યો છે. નામ ન આપવાની શરતે અધિકારીઓનું કહેવું છે કે અમૃતપાલ સિંહના ખાલિસ્તાની અલગતાવાદી અને જરનૈલ સિંહ ભિંડરાનવાલેના અનુયાયી હોવાના તમામ કારણો સામે આવશે. ખરેખરમાં તે ડ્રગ્સ અને આર્મ્સ સપ્લાયના ગેરકાયદેસર ધંધામાં વોન્ટેડ ગુનેગાર છે.ગુપ્તચર અધિકારીએ કહ્યુ હતુ કે, અમૃતપાલ પાસે ગેરકાયદેસર પ્રવૃત્તિઓની લાંબી યાદી છે.

NEWS OF GANDHINAGAR_P-1

NEWS OF GANDHINAGAR_P-2

## તંત્રી સ્થાનેથી...

# ખાલિસ્તાનનો પડકાર



*પંજાબની આપ સરકારને પંજાબ-હરિયાણા હાઈકોર્ટે યોગ્ય જ પ્રશ્ન પૂછ્યો કે ખાલિસ્તાન સમર્થક અને વારિસ પંજાબ દે સંગઠનનો વડો અમૃતપાલ સિંહ પોલીસને ચકમો આપીને ભાગી ગયો કેવી રીતે? હાઈકોર્ટે એના પર પણ પોતાની નારાજગી વ્યક્ત કરી કે જ્યારે અમૃતપાલ દેશની સુરક્ષા માટે ખતરો બની ગયો હતો તો પછી સમય રહેતાં તેના વિરુદ્ધ કાર્યવાહી કેમ ન કરવામાં આવી? ભલે પંજાબ પોલીસ કહીરહી હોય કે તે જલ્દી ભાગેડુ અમૃતપાલને પકડી લેશે, પરંતુ તેની અવગણના ન કરી શકાય કે ત્રણ દિવસ વીતી ગયા છે અને તેઓ ખાલી હાથે છે. પોલીસે અમૃતપાલ જ નહીં, તેના સાગરિતો સુધી પણ પહોંચવું પડશે. સંભવ છે કે તે પોલીસથી બચવામાં એટલે ફાવી ગયો, કારણ કે તેને છૂપાવનારા લોકો સક્રિય થઈ ગયા છે. પંજાબમાં એવાં તત્ત્વોની સંખ્યા એટલા માટે વધી છે, કારણ કે અમૃતપાલ વિરુદ્ધ સમય પર કાર્યવાહી ન કરવામાં આવી. તે છેલ્લા લગભગ છ મહિનાથી કાયદો-વ્યવસ્થાને પડકાર આપવાની સાથે જ યુવાઓને ઉશ્કેરવા અને વૈમનસ્ય પેદા કરી રહ્યો હતો. સમજવું મુશ્કેલ છે કે તેને આ બધું કરવાની છૂટ કેવી રીતે મળી હતી અને તે પણ ત્યારે, જ્યારે તે હથિયાર અને હિંસાની વાત કરી રહ્યો હતો? તેણે હથિયારસજ્જ ગુંડાઓ પણ એકત્રિત કરી લીધા હતા અને તેમના જ જોરે તે એક થાણા પર હુમલો કરવામાં સક્ષમ રહ્યો. કાયદેસર તો એ ઘટના બાદ જ તેના વિરુદ્ધ કાર્યવાહી કરવાની હતી, પરંતુ ખબર નહીં કેમ તેમાં વિલંબ કરવામાં આવ્યો? આ વિલંબનાં દુષ્પરિણામથી બચવું હશે તો અમૃતપાલની ધરપકડ જલ્દી કરવી પડશે. તેની સાથે જ તેના સમર્થકો પર પણ નજર રાખવી પડશે અને એ તત્ત્વો પર પણ, જે માહોલ બગાડી રહ્યા છે. એવા જ તત્ત્વોને કારણે પંજાબના કેટલાય સ્થળો પર ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવી પડી છે.*

*પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનનું માનીએ તો વિદેશી તાકાતો સાથે મળીને માહોલ ખરાબ કરનારાઓને પકડી લેવામાં આવ્યા છે, પરંતુ હજુ તેમનો પડકાર ખતમ નથી થયો. પહેલો પડકાર તો ભાગેડુ અમૃતપાલને પકડવાનો છે અને બીજો, અન્ય અતિવાદી અને અલગતાવાદી તત્ત્વો પર લગામ લગાવવાનો. આ એટલા માટે આસાન નથી, કારણ કે પંજાબમાં કેટલાય રાજકીય, સામાજિક અને ધાર્મિક સમૂહ એવા છે, જે છૂપા સ્વરે અમૃતપાલ જેવાં કટ્ટર તત્ત્વોના પક્ષમાં નિવેદનબાજી કરતા રહે છે. તેને નજરઅંદાજ ન કરી શકાય કે એવાં તત્ત્વો અમૃતપાલની નિંદા કરવા તૈયાર નથી. પંજાબથી વધુ ખાલિસ્તાન સમર્થકો દેશની બહાર અને વિશેષ રૂપે કેનેડા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, અમેરિકા વગેરે દેશોમાં દેખાઈ રહ્યા છે, તેથી પંજાબ સરકારની સાથે જ ભારત સરકારે પણ સતર્ક રહેવું પડશે. આ ખાલિસ્તાન સમર્થક ઈન્ટરનેટ મીડિયાના માધ્યમથી દુષ્પ્રચાર કરી રહ્યા છે. તેમનું દુસ્સાહસ એટલું વધી ગયું છે કે તેઓ ભારતીય દૂતાવાસોને પણ નિશાનો બનાવી રહ્યા છે.*

# સરકારનું ચાર લાખ કરોડનું દેવું ચૂકતે કરવા ગિરધરલાલનો ઘાંસુ આઇડીયા !!!

તમે બાથરૂમ( જોયું બાથરૂમનું નામ આવે એટલે બધાને રસ પડે. કેમ કે, હમામમાં સબ નંગે હોતા હે . આમાં નવું શું કહ્યું, ગિરધરલાલ ગરબડિયા? ઘણા તો બાથરૂમની બહાર પહેરલ કપડે નંગા હોતા હૈ. ખુદ કો ચંગા બતાતે હૈ ઔર ખુદને પંગા લેનેસે મના કરતે હૈ!! આ કલ્પનાથી ભલભલા ઉત્તેજિત થઇ જાય છે?? અરે, બોસ ગુજરાતી અને અંગ્રેજી ભાષાની હોચપોચ એટલે કે ખીચડીને ગુજલીશ કહેવાય છે. એમ જ ગુજરાતી અને હિન્દીના સંમિશ્રણને ગુજન્દી ન કહેવાય?? કહેવાય ,ગિરધરલાલ કહેવાય. !!રણમાં વહાણ હાંકે રાખો ગિરધરલાલ ગરબડીયા!! ચાલો અમે, મા ગુર્જરીને ચરણે શરણે એક નવો શબ્દ અર્પણ કર્યો . કદાચ આટલા યોગદાનના અંતે અજ્ઞાનપીઠ એવોર્ડ પાકા ફળની માફક અમારા ખોળામાં આવી પડે. આટલા માટે જ અમે અખંડ અને અહર્નિશ ખોળો પાથર્યો છે!!) સ(નાન કરતા હો.અલબત પોતપોતાના બાખરૂમમાં હોં કે. બીજે અડપલા કરવા નહીં- સ્વાસ્થ્ય સંબંધી સૂચના પૂરી થઇ!!) સ્નાન કરતી સમયે આંખો પર સાબુ બાબુ લગાડેલ હોય, બાકીના શરીરે સાબુ લગાડવાનો હોય ત્યારે સતિ દમંયતિના હાથમાંથી મરેલી માછલી સજીવન થઇ છટકી જતી તેમ તમારી હથેળીમાંથી સાબુ સુંદરી વછૂટી જાય ત્યારે હાંથળા ફાંફળા બંધ આંખે સાબુની ગોટીને શોંધવા હવાતિયા મારીએ છીએ. આની હજુ સુધી કોઇ ન્યુઝ ચેનલે લાઇવ સ્ટોરી કરી નથી. પ્રજા કેટલી ઉમદા અને ઉત્તેજક માહિતીથી વંચિત રહે છે. પરંતુ, રાજુ રદી સિવાય કોઇએ ખામોશ રહેવાના બદલે સવાલને વાચા આપવાની ભીની જરૂરિયાત છે. નયનને બંધ રાખીને તમને જોયા છે એમ ગાનાર મનહરભાઇ “નયનને બંધ રાખી સાબુની ગોટીને બહુ શોધી છે “જેવી નજમ કેમ ગાતા નથી?? મા ગુર્જરીની આવી કુસેવા કરવાની? તો પછી માતૃભાષા દિવસની બીબાઢાળ ઉજવણીનો શો અર્થ છે???

બાથરૂમમાં સાબુની ગીલી-ભીની ગોટીને એ પણ બંધ આંખે શોધવાના પુરુષાર્થ ( મહિલાના કિસ્સામાં મહિલાર્થ ગણવો!!) જેવું જ રોજગારી શોધવાનું દુષ્કર કામ છે!! જયાં તમે રોજગારીનું લટકાવેલ ગાજર જુઓ એટલે રોજગારીનું ગાજર ખાવા ગધેડા ,ખચ્ચર, ટટ્ટુ, સસલા,શિયાળ, ઉંટ ખડેપગે તૈયાર હોય!! એક ગાજર અનેક અરજદારો. બેરોજગારી કયાં પહોંચી છે?? ચપરાશીની નોકરી માટે પીએચડી એટલે દર્દી-દવાખાના વગરના ડોકટરો સહિત ઘણા ભણેલા ગણેલા પૂરના પાણીની જેમ ધસમસતા ધસી જાય છે. નોકરી આપવાની પ્રક્રિયા લગભગ પંચવર્ષીય યોજના પુરવાર થાય છે!!

આપણે બાલમંદિરથી કોલેજ સુધી શા માટે ભણીએ છીએ?? આ સવાલમાં શુધ્ધ શાસ્ત્રીય જવાબમાં પડીએ તો સદંભ જવાબ મળે. વ્યક્તિત્વને બૌધ્ધિક ધાર આપવાના બહુઆયામી પ્રયાસને ચરિતાર્થ કરવા અધ્યયન કરવું અતિઆવશ્યક ગંભીર પ્રવૃતિ છે!! બોલો, કંઇ સમજણ પડી?? મિડિયમ પેસર એક ઓવરમાં છ બાઉન્સર ફેંકે એ સમજી શકાય . પણ સ્પિનર એક ઓવરમાં છ બાઉન્સર ફેંકે એવું ધુપ્પલ છે! અલ્યા ,દેવાનુમપ્રિય એટલે કે મૂરખ લોકો માત્ર અને માત્ર નોકરી મેળવવા કોલેજ કરે છે! કોલેજ કરે એટલે ભણે છે એમ નિતાંત માનવું નહીં!!આપણે ભણતરને રળતર સાથે જોડી દીધું છે. મતલબ કે લાંબો જોડે ટૂંકો જાય, મરે નહીં તો માંદો થાય!!

આપણે છેલ્લા કેટલાક વરસોથી શિક્ષણનીતિને નામે ખો, કબડી, સંગીત ખુરશી રમીએ છીએ. નવી શિક્ષણનીતિ જૂની થાય. કેમ ન થાય? પંચોતેર વરસમાં કેટલી નવી-જૂની નવી નવી, નવી નવી ઓર નવી શિક્ષણ નીતિ આવીને ગઇ. શિક્ષણનીતિનું મહિલાના બ્લાઉઝની બાંય જેવું છે. જરૂરત અને ફેશન પ્રમાણે વધારી ઘટાડી શકાય!!

માણસનું મગજ એ શૈતાનનુ કારખાનું કહેવાય છે.શિક્ષણ મંત્રીની ખુરશી પણ કપિલ શર્માના કોમેડી શોને ઝાંખો પાડી દે તેવી સુપર ડૂપર કોમેડી ચેર છે. આપણા માનનીય શિક્ષણમંમીને શિક્ષણ સાથે આમ કે ખાસ નિસબત હોતી નથી.અરે દૂર દૂર નાહવા નિચોવવાનો સંબંધ હોતો નથી. માનનીય મંત્રીશ્રીને નવી ખાનગી શાળા, હાઇસ્કૂલ, હાયર સેકન્ડરી, કોલેજ, યુનિવર્સિટી ખોલવા, વર્ગ વધારા, નોનગ્રાંટેડને ગ્રાટેડ બનાવવા પેરાફેરલ્સની ખરીદીમાં મલાઇ ખાવામાં જ રસ હોય છે!! અધ્યાપકોને સિલેબલ્સમાં જમાના પ્રમાણે સુધારા કરવામાં રસ કે વૃતિ હોતી નથી. કૂવામાં પણ નથી અને હવાડામાં પણ નથી. છોકરાને ત્રણ તાર વરસે મળતી ડીગ્રીમાં રસ હોય છે. સિલેબલ્સ ફૂવડ છે. એક મહાનુભાવ બુલબુલની પાંખે બેસીને જેલ બહાર પરિભ્રમણાર્થે નીકળતા હતા આવું બધું રાષ્ટ્રવાદના નામે ભણાવાથી રોજગારી થોડી મળવાની છે??બાલમંદિરના દરવાજેથી ક્ષિક્ષણની ફેકટરીમાં દાખલ થતો કાચો માલ કોલેજના દરવાજેથી અનફિનિશ , અર્ધદગ્ધ ,નોન સ્કિલ્ડ જ રહે છે. કંપનીની કામની જરૂરત મુજબનો માનવ સંસાધન ક્રમચારીના સ્વરૂપમાં મળતો નથી. કેટલાક સિલેબલ્સ પચાસ વરસથી સુધારો કર્યા વિના સંપૂર્ણ સિદતથી ભણાવાય છે.જે કંપનીની આધુનિક જરૂરત સંતોષી શકતા નથી. જેથી યુવાનોને ચપરાશીની પણ નોકરી મળતી નથી. હવે વિચારો કે મારે પ્લમ્બપ કે ફિટર થવું છે તો મારે હિન્દી, ભૂગોળ , નાગરિક, ઇતિહાસ, નાગરિકશાસ્ત્રના થોથા ફાડવાની જરૂર છે?? આવા લોકોને સીધા આઇટીઆઇમાં દાખલ કરી દો!!

અભ્યાસથી જીવન જીવવાનો દ્રષ્ટિકોણ ઉન્નત અને વ્યાપક થાય છે એવું ચંદુ ચૌદસ દ્રઢપણે માને છે.માય ફૂટ! કંકોડા દ્રષ્ટિકોણ ? સોને ખબર છ કે બધા નોકરી અને છોકરી મેળવવાના ઉધામા છે!! કોઇ વ્યક્ત ભણીને વેદિયા થવા ઇચ્છતું નથી. આપણે ડીમાન્ડ - સપ્લાય ધ્યાને લીધા સિવાય એન્જિનિયરીંગ કોલેજો ખોલી નાંખી. આજે રાજયમાં એક, બે, ત્રણ, ચાર નહીં પણ છાંસઠ હજાર રિપીટ છાંસઠ હજાર બેઠકો પ્રવેશ આપ્યા પછી ખાલી રહીં. ખાલી ડબા ખાલી બોટલ લે લો મેરે યાર, ખાલી સે અબ નફરત ન કરા, ખાલી હા સંસાર જેવી નૈરાશ્યપૂર્ણ હાલત છે.

બેરોજગારી અને રોજગારી વચ્ચે ભીષણતમ યુદ્ધ ચાલે છે. નોકરી એટલે સરકારી નોકરી એવા આપણી છાપ છે! બાકીના બધા ઘાસ કાપે છે? અલબત, ઘાસ કાપવું એ પણ રોજગાર છે. પકોડાપ્રેમી પ્રધાન સેવકે બરાબર કહ્યું છે કે પકોડા તળવા એ સ્વરોજગાર છે!! માની લો કે, કો એકસો પાંત્રીસ કરોડની વસ્તી પકોડા તળશે તો કોના પકોડા વહેંચાશે? આવું જ જાય લીલાનું છે! આઇઆઇએમમાંથી એમબીએ થઇ ચાયવાલા બનારસ ચાની આવકમાંથી મર્સીડીજ બેન્જ કાર ખરીદ કરે એટલે બધા ચાયવાલા હેરી હેરી એમ ન કહી શકાય. એક ચાવાળો પ્રધાનમંત્રી બને એટલે બધા ચાવાળાની બલ્લે બલ્લે ન થાય! વરસો પહેલાં નોકરીની જાહેર ખબર પ્રસિદ્ધ થાય કે હજારો- લાખો યુવાનો નોકરી મેળવવા અરજી કરતા હતા! આજે હાલત ઘણી બધી બંગડી છે. યુપીમા ચપરાશીની નોકરી માટે એમબીબીએસ, પીએચડી, એમબીએ સહિત લાખો લોકોએ અરજીની પેટીઓ છલકાવી દીધેલી! હમણાં મધ્યપ્રદેશમાં ૩૭.૮ લાખ નોંધાયેલા બેરોજગાર પૈકી શુકનના ચાંલ્લા રૂપે માત્ર ને માત્ર એકવીસને ઢંગની કહી શકાય તેવી નોકરી આપવાનાં આવેલ.

સરકાર બેરોજગારીના ઘોડાપૂરને ખાળવા રોજગાર મેળા જેવા કોજવે બનાવે છે. પરંતુ, બેરોજગારીના પ્રચંડ પૂર સામે નિર્થરક અને બેઅસરદાર પૂરવાર થાય છે!! કોલેજો પણ લાસ્ટ યરના સ્ટુડન્ટ માટે કેમ્પસ પ્લેસમેન્ટ કરે છે. જો કે, એમાં પાસ કલાસ કે સેકન્ડ પાસ કલાકને કોઇ પ્લેસમેન્ટ આપતું નથી.થોડા વરસ પહેલાં એમ ફાર્મ થનાર કેન્ડિડેટને વાર્ષિક ચોર્યાશી હજાર પગાર ઓફર કરેલ. મહિનાના સાત હજાર.એના કરતાં તો ચપરાશી વધુ પગાર મળતો હોય છે!!

હમણા એક યુવાને એક સ્ટાર્ટઅપ શરૂં કરેલ.,મેક ઇન ઇન્ડિયા કે ઇનોવેશન નામ .જે નામ આપવું હોય તે આપો.તમે કોઇ જગ્યા માટે અરજી કરો એટલે તે પોસ્ટ તમને મળે તેની કોઇ ગેરંટી ખરી ?? તમે એલિમિનેશન,મેઇન, ઇન્નવ્યુના તબક્કા પસાર કરો પણ નોકરીનો ઓર્ડર તમને જ મળશે તેની કોઇ ખાતરી છે ખરી?? તમે સિલેકટ ન થાવ તો સમસમી જાવ છો. પેલા યુવાને પરીક્ષા બરીક્ષા આપ્યા સિવાય ફોજદાર બનવાની સેલ્ફ મોટિવેટેડ સ્કિમ અપનાવી!! કોઇ સેવાભાવી લેભાગુ અમે પરગજુ ડામીસને માત્ર ચાલીસ લાખ રૂપિયા સળગાવ્યા.

સળગાવ્યા એટલે વાંચ્યાર્થમાં નહીં. પરંતુ, લક્ષ્યાર્થમાં કોઇને આપ્યા. ફોજદારના લિસ્ટમાં ત્રીજા નંબરે ગોઠવાઇ ગયો. તેની ટ્રેનિંગ પણ ચાલુ થઇ ગઇ. બીજા ઉમેદવારો ફિઝિકલ ટેસ્ટ,નાનીમોટી પરીક્ષા પાસ કરીને ફોજદાર બનેલા. સ્વનિયુકત ફોજદાર ટ્રેનિંગમાં કાયદેસરના ફોજદાર જેટલું પરફોર્મ કરતો હતો. અસલી નોટ અને જાલી નોટ વચ્ચે તત્વતઃ ખાસ ફેરફાર હોતો નથી.તે પ્રમાણે અસલી ફોજદાર અને નકલી ફોજદાર તાલીમમાં બરાબરને બળિયા પુરવાર થયા. કોઇને શક સુધ્ધા ન આવ્યો કે નકલી હીરો એ કોહીનૂર નથી!! તાલીમના ત્રણ મહીના સંપન્ન થયા.તકલીફ પેલા હરામખોરોએ કરી. પગારબીલ બનાવનારને શેર્ફડ શ્વાન જેવી સ્કેમની ગંધ આવી અને ભાંડાફોડ થયો!! સ્વનિયુકત ફોજદારને ચાલીસ લાખનું માતબર રોકાણ કર્યા પછી કદાચ દોઢ લાખ પગાર-સ્ચાઇપેન્ડ ત્રણ મહીના માટે મળ્યું.રૂપિયા ચાલીસ લાખના મૂડીરોકાણ સામે વળતર કંઇ ન કહેવાય!! ખાયા પિયા કુછ નહીં ને ગ્લિાસ તોડે બારહ!! પોલીસની ભરતીમાં મેટ્રિક, બાયોમેટ્રિક, ફિઝિકલ વેરીફિકેશન વગેરે કોઠા હોવા છતાં મોરલો કળા કરે એ કેવી કમાલ કહેવાય?? ચોર કોટવાલને દંડે એવી કહેવત છે . આ કિસ્સામાં કોટવાલ નકલી કોટવાલને દંડે તેવું થયું.

નકલી ફોજદાર જેલ હવાલે થયો. એક સ્ટાર્ટઅપનો કરૂણાંત આવ્યો.


સરકારે આ ઘટના પર ગૌર કરીને સરકારના તમામ હોદા રૂપિયા લઇને ભરવા જોઇએ. ફોજદારની પોસ્ટના ચાલીસ લાખ રૂપિયા મળતા હોય તો ચીફ સેક્રેટરીની પોસ્ટના તો કેટલા કરોડ સરકારને મળે ?? પીઆઇના પચાસ લાખ, ડીવાયએસપીના કરોડ, એસપીના દસ કરોડ, કલેક્ટરના પચાસ કરોડ, હોમ સેક્રેટરીના પાંચસો કરોડ, રેવન્યુ સેક્રેટરીના હજાર કરોડ રૂપિયા અને ચીફ સેક્રેટરીના દસ હજાર કરોડ મળે!! કોન્સ્ટેબલના દસ લાખ લેખે સરકારને કેટલા મળે!! સરકારનું ચાર લાખ કરોડનું દેવું તો સરકારી હોદાની હરાજીની રકમમાંથી જ દેવું ચુકવી શકાય!!!

સરકાર માઇ બાપ . લો કરો કંકુના !!!

ભરત વૈષ્ણવ

૨૩.૩.૨૦૨૩.

# કર્મના બંધન થી મુક્તિ - સંત રાજીન્દર સિંહજી મહારાજ



આ દુનિયામાં જીવન જીવતા અનેકવાર આપણને અનેક દુઃખનો સામનો કરવો પડે છે. તેવા સમયે આપણને પિતા પરમેશ્વર નો વિચાર આવે છે. આપણી અંદર અનેક પ્રકારના વિચાર ઉત્પન્ન થાય છે જેમકે આપણે પ્રભુ થી અલગ કઈ રીતે થઈ ગયા અને પલક ઝબકતે જ પ્રભુ આપણને પરત પોતાના ઘરે કેમ નથી લઈ જતા? લોકો આશ્ચર્ય કરે છે કે પ્રભુ એટલા શક્તિશાળી છે પરંતુ છતાં પણ આપણે આપના રચયિતા થી દૂર આ ભૌતિક સંસારમાં કેમ ફસાયેલા છીએ?

જ્યારે સૃષ્ટિની રચના થઈ ત્યારે આપણે પ્રભુના સાનિધ્યમાં બેઠેલા હતા અને ત્યાં શાંતિ અને પરમ આનંદથી ભરેલું જીવન જીવી રહ્યા હતા. પરંતુ હવે આપણે પોતાના લાંબા સફરમાં એટલી દૂર આવી ગયા છીએ કે આપણી ઈચ્છાઓ આપણને આ દુનિયામાં ખેંચીને લઈ આવે છે. અહીં આવીને આપને અગણિત પરિસ્થિતિઓમાં ફસાઈ ગયા છીએ. જેનાથી આપણે ભાગી શકતા નથી. કર્મોના બંધનમાં આપણે એટલા જકડાઈ ગયા છીએ કે તેને ભોગવવા માટે આપણે વારંવાર આ જન્મ મરણ ના ચક્કરમાં આવું પડે છે.

પ્રભુ દયા ના મહાસાગર છે. તેઓ સંતોને અહીં મોકલીને આપણને પરત પોતાના નિજ ઘર જવાનો રસ્તો દેખાડે છે. સંત સદગુરુ એ આત્માની પુકાર સાંભળે છે જે પોતાના ઘરે પરત ફરવા માંગે છે. જ્યારે પિતા પરમેશ્વર આપણને સંત સદગુરુ ની શરણમાં મોકલે છે તો તે આપણને પોતાના નીજગર પરત ફરવાની એક સોનેરી તક મળે છે.

હકીકતમાં સંત સદગુરુ આપણા ઉદ્ધાર માટે જ આવે છે. તેઓ સ્વયં પ્રભુ માં લીન હોય છે. જ્યારે સંત સદગુરુ આ ધરતી પર આવે છે ત્યારે તેમને પણ આ મનુષ્ય શરીર ધારણ કરવું પડે છે. કેટલાક સંતોને આપણી રક્ષા માટે શહાદત આપવી પડી છે. અને કેટલાય સંતોને ફાંસી પણ આપવામાં આવી છે. છતાં પણ સંતપુરુષ આપણા કર્મનો ભાર પોતાના ઉપર લઈ તેને ઓછો કરી દે છે. તેમનો ઉદ્દેશ્ય ફક્ત આપણને કર્મના બંધનમાંથી મુક્ત કરવાનો હોય છે. જો આપણને આપણા કર્મ જાતે ભોગવવા પડે તો અથવા કદાચ એમને ઓછું કરવાનું કહેવામાં આવે તો આપણને અનંત જન્મ સુધી તેમાંથી છુટકારો મેળવી શકીશું નહીં. સંત સદગુરુ આપણને સલાહ આપે છે કે આપણે એક સદાચારી જીવન જીવીએ તથા સાથે સાથે ધ્યાન અભ્યાસમાં પણ નિયમિત રૂપથી સમય આપીને પ્રભુની જ્યોતિ તથા શ્રુતિ નો અન

અનુભવ કરીએ જેથી આપણા દિન પ્રતિદિન ના કર્મો ભસ્મ થઈ જાય. જેથી આ જ જન્મમાં આપણે કર્મોના બંધનથી મુક્ત થઈને હંમેશા હંમેશા માટે પ્રભુના ચરણોમાં લીન થઈ જઈએ.

# અમૃતપાલની પત્નીના બબ્બર ખાલસા સાથેના સંબંધ

ચંડીગઢ,તા.૨૩

સુરક્ષા એજન્સીઓએ ખાલિસ્તાન તરફી અલગતાવાદી ભાગેડુ અમૃતપાલ સિંહ અને તેની પત્ની કિરણદીપ કૌરના બબ્બર ખાલસા ઈન્ટરનેશનલ સાથેના સંબંધોની તપાસ શરૂ કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસેથી મળેલા ઈનપુટ્સમાં જાણવા મળ્યું છે કે બ્રિટનમાં પોલીસે ખાલિસ્તાન તરફી કાર્યકર્તા અવતાર સિંહ ખંડાની ત્રિરંગાનું અપમાન કરવા બદલ ધરપકડ કરી છે. જેણે ભૂતકાળમાં લંડનમાં ભારતીય હાઈ કમિશનની બહાર હોબાળો મચાવ્યો હતો. ખંડા વિશે એવી માહિતી સામે આવી છે કે તે આતંકવાદી પરમજીત સિંહ પમ્માનો સાથી છે અને તેણે જ અમૃતપાલને આઈએસઆઈ દ્વારા તાલીમ આપી હતી.અમૃતપાલે ઈંગ્લેન્ડથી પરત આવેલી કિરણદીપ કૌર સાથે લગ્ન કર્યા છે, તેથી એજન્સીઓને શંકા છે કે તેની પત્ની પણ ખંડા અને બીકેઆઈ સાથે સંબંધ ધરાવે છે. આ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. સૂત્રોનું કહેવું છે કે તપાસ એજન્સીઓ ઈન્ટરનેટ મીડિયા પર પોસ્ટ કરાયેલા ઘણા વીડિયોની તપાસ કરી રહી છે. જેમાં દીપ સિદ્ધુના વારસાને આગળ વધારવાની વાત કરી રહ્યા છે.અત્યાર સુધીની તપાસમાં ખુલાસો થયો છે કે, ખંડાએ માત્ર અમૃતપાલને પંજાબ આવવા માટે જ તૈયાર નથી કર્યું, પરંતુ તેને વારિસ પંજાબ દે સંગઠનનો વડા બનાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે અમૃતપાલને કહ્યું હતું કે આગળ શું કરવું. અમૃતપાલ અને તેના સાથીઓએ વિદેશમાંથી ફંડિંગ મેળવ્યું છે અને હવાલા દ્વારા પૈસા પણ મળ્યા છે, તેથી હવે પોલીસ અમૃતપાલના પરિવાર પાસે તેના અને કાકા હરજીત સિંહના બેંક ખાતાની વિગતો પણ ચકાસી રહ્યાં છે.

ખુલ્યા
કેદારનાથના કપાટ ખુલ્યા,
તારા દિલના કપાટ ખુલ્યા?
શબરીના ધરે પ્રભુ રામ પધાર્યા,
શબરીના ઉરના ઉચાટ શમ્યા.
સ્વ મહીંથી સ્વ છોડવાની વેળા,
કોઈ કરતાં કોઈ રઘવાટ મટ્યા ?
સખીનો કોમળ હસ્ત સાહી લીધો,
અમારા ઉરના ઉશ્કેરાટ વધ્યા!!
કાનાને જોવા કાજે જસોદાને રાવ કરી,
અમારા છોરાને મુશ્કેટાટ બંધાવ્યા!!
ભરત વૈષ્ણવ
૨૩.૩.૨૦૨૩.

# ઓસામા બિન લાદેનને દુનિયાનો બેસ્ટ એન્જીનીયર કહેનાર વિજળી વિભાગના એસડીઓને બરતરફ કરાયા

લખનૌ,તા.૨૩

યુપીના ફર્રુખાબાદ જીલ્લામાં વિજળી વિભાગના એસડીઓ રવિદ્ર પ્રતાપ ગૌતમને બરતરફ કરી દેવામાં આવ્યા છે.તેમણે આતંકી ઓસામા બિન લાદેનની ફોટો પોતાના સરકારી નિવાસ પર લગાલી હતી અને તેના પર વિશ્વના સર્વશ્રેષ્ઠ અવર અભિયન્તા લખ્યું હતું.આ મામલાની વીડિયો વાયરલ થયા બાદ તપાસ શરૂ કરી દેવામાં આવી હતી.ફરૂખાબાદમાં વિજળી વિભાગના એસડીઓએ આતંકવાદી ઓસામા બિન લાદેનને દુનિયાના સર્વશ્રેષ્ઠ અવર અભિયંતા બતાવતા તેમની ફોટો પોતાના સરકારી નિવાસ પર લગાવી હતી.વાયરલ વીડિયોને ધ્યાનમાં લઇ અધિકારીઓ દ્વારા તપાસ કરાવવામાં આવી હતી ૩૧ મે ૨૦૨૨ના રોજ તપાસ શરૂ થઇ હતી અને એસડીઓને બરતરફ કરી દેવામાં આવ્યા હતાં લગભગ ૧૦ મહીના ચાલેલી તપાસ બાદ હવે શાસન દ્વારા દોષી સિધ્ધ થવા પર વિજળી વિભાગના એસડીઓ




રવિદ્ર પ્રતાપ ગૌતમને બરતરફ કરી દેવામાં આવ્યા છે.રવિદ્ર પ્રતાર ગૌતમ ફર્રૃખાબાદના નવાબગંજ ખાતે વિદ્યુત સબ સ્ટેશનમાં તાલુકા અધિકારી(એસડીઓ)ના પદ પર તહેનાત હતાં તેમના વિજળીઘર પરિસરમાં આવેલ ગેસ્ટ રૂમમાં આતંકી આતંકવાદી ઓસામા બિન લાદેન ની ફોટો લગાવી હતી તેના પર લખ્યું હતું કે શ્રદ્ધેય ઓસામા બિન લાદેન વિશ્વના સર્વશ્રેષ્ઠ અવર અભિયંતાઓસામા બિન લાદેનની આ ફોટો કોઇ વ્યક્તિ દ્વારા વિડિયો બનાવી લીધી અને તે વીડિયો સોશલ મીડિયા પર વાયરલ કરી દેવામાં આવી હતી વીડિયો વાયરલ થયા બાદ એસડીઓ દ્વારા ફોટો હટાવી દેવામાં આવી હતી સોશલ મીડિયા પર વીડિયો વાયરલ થવાની માહિતી મળતા જ રવિદ્ર અંડરગ્રાઉન્ડ થઇ ગયા હતાં.ત્યારબાદ વાયરલ વીડિયોની તપાસ બાદ તાલુકા અધિકારી (એસડીઓ) રવિદ્ર પ્રતાપ ગૌતમને બરતરફ કરી દેવામાં આવ્યા હતાં ૧૦ મહીના ચાલેલી તપાસ બાદ હવે શાસન દ્વારા રવિદ્ર પ્રકાશ ગૌતમને દોષી માનતા તેમને બરતરફ કરી દેવામાં આવ્યા છે.

# કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગેની ટીમ વિધાનસભાની ચુંટણીની તૈયારીમાં લાગી

## પ્રિયંકા ગાંધીને મોટી જવાબદારી મળી શકે છે

નવીદિલ્હી,તા.૨૩

હિમાચલ પ્રદેશમાં ૨૦૨૨ની વિધાનસભા ચુંટણીમાં પાર્ટીને જીત અપાવ્યા બાદ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેની નવી ટીમમાં ચુંટણી પ્રબંધકની ભૂમિકા નિભાવી શકે છે.રાજનીતિક રણનીતિકાર પ્રશાંત કિશોરની સાથે વાતચીત દરમિયાન ચુંટણી પ્રબંધક ટીમની રચના કરવાનો વિચાર આવ્યો અને કહેવામાં આવ્યું કે પીકેને પ્રતિષ્ઠિત પદ મળી શકે છે પરંતુ વાત બની નહીં.પ્રિયંકા ગાંધીના નજીકના સુત્રોએ આ રીતના પગલાથી ઈન્કાર કરતા કહ્યું કે આ પુરી રીતે પાર્ટી અધ્યક્ષનો નિર્ણય છે.

પ્રિયંકા ગાંધી યુપીની પ્રભારી મહામંત્રી છે જયાં પાર્ટીની પાસે ફકત એક સાંસદ અને બે ધારાસભ્ય છે અને મોટો પડકાર ૨૦૨૪ની સામાન્ય ચુંટણીમાં છે.કોંગ્રેસ કારોબારીને તમામ રાજયોથી પ્રતિનિધિત્વ આપવામાં આવશે અને કોઇ પણ રાજયને મોટો હિસ્સો મળશે નહીં. નિવર્તમાન વિસ્તારિત સીડબલ્યુસીમાં દિલ્હી કેરલ રાજસ્થાન અને કર્ણાટકની પાર્ટીમાં મુખ્ય ભાગીદારી હતી કોંગ્રેસ આ વર્ષ મુખ્ય ચુંટણીઓનો સામનો કરવા જઇ રહી છે જેમાં કર્ણાટક (મે) અને આ વર્ષના અંતમાં મધ્યપ્રદેશ,રાજસ્થાન અને છત્તીસગઢના રાજય ચુંટણી સામેલ છે.

રાયપુરમાં કોંગ્રેસની સંચાલન સમિતિએ સીડબ્લ્યુસીની ચુંટણી નહીં કરાવવાનો નિર્ણય કર્યો હતો અને પાર્ટી અધ્યક્ષને તેની રચના માટે અધિકૃત કરવામાં આવ્યા હતાં પાર્ટીના પ્રભારી મહામંત્રી સંચાર જયરામ રમેશે કહ્યું હતું કે કોંગ્રેસ અધ્યક્ષને નવી સીડબ્લ્યુસીની રચના માટે અધિકૃત કરવા માટે સર્વસમ્મતિથી નિર્ણય લેવામાં આવ્યો હતો.

કોંગ્રેસે અનુસૂચિત જાતિ,અનુસુચિત જનજાતિ અન્ય પછાત વર્ગ લધુમતિ સમુદાય અને મહિલાઓને ૫૦ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે.કોંગ્રેસે રાજય સ્તર (પીસીસી) અને રાષ્ટ્રીય સ્તર(એઆઇસીસી)ના પ્રતિનિધિઓ સહિત પાર્ટીના તમામ પદો પર અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ,અન્ય પછાત વર્ગ મહગિલાઓ અને લધુમતિ સમુદાય માટે ૫૦ ટકા અનામત સુનિશ્ચિત કરવા માટે પાર્ટીના બંધારણમાં સુધારો કર્યો છે.

# ચાંદીનો વાયદો ઉપરમાં રૂ.૬૯,૯૮૮ના સ્તરે બોલાયોઃ સોનામાં રૂ.૪૬૦નો ઉછાળો

## ક્રૂડ તેલ રૂ.૨૭ ડાઊનઃ કોટન-ખાંડીમાં ઢીલાશઃ મેન્થા તેલમાં સુધારાનો સંચારઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯,૦૫૦ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૧,૫૪૮.૮૮ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૨૦ કરોડનાં કામકાજ




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ગુરૂવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૫૭,૨૬૯ સોદાઓમાં કુલ રૂ.૨૦,૬૧૯.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૦૪૯.૮૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૧૫૪૮.૮૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૫,૭૩૬ સોદાઓમાં રૂ.૫,૮૭૯.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૨૩૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૬૦ અને નીચામાં રૂ.૫૯,૧૫૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬૦ વધી રૂ.૫૯,૨૧૬ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૮૦ વધી રૂ.૪૬,૯૩૬ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૫ વધી રૂ.૫,૭૯૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૭ વધી રૂ.૫૯,૧૧૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૭૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૯૮૮ અને નીચામાં રૂ.૬૯,૫૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૭૪ વધી રૂ.૬૯,૬૮૩ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૯૨ વધી રૂ.૬૯,૬૫૨ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૩૮૨ વધી રૂ.૬૯,૬૭૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૩,૭૨૨ સોદાઓમાં રૂ.૧,૯૫૦.૪૪ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૭૩.૩૦ના ભાવે ખૂલી, રૂ.૦.૭૫ ઘટી રૂ.૭૭૧ જયારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૦૨.૮૦ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ ઘટી રૂ.૨૫૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૨૦૨.૯૫ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૧ ઘટી રૂ.૧૮૧.૪૦ જસત-મિની માર્ચ વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૨૫૩.૫૦ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૮૬૪ સોદાઓમાં રૂ.૧,૧૯૪.૧૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૪૪ અને નીચામાં રૂ.૫,૭૭૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭ ઘટી રૂ.૫,૮૧૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૨૯ ઘટી રૂ.૫,૮૧૩ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૩ના ભાવે ખૂલી, રૂ.૧.૭૦ ઘટી રૂ.૧૮૧.૨૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૨.૫ ઘટી ૧૯૫.૩ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૨૫.૨૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૪૦૦ અને નીચામાં રૂ.૬૧,૧૮૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦ ઘટી રૂ.૬૧,૩૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ વધી રૂ.૯૯૨.૧૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૫૪૫.૬૨ કરોડનાં ૫,૯૭૨.૮૩૯ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૩૩૪.૩૩ કરોડનાં ૩૩૪.૨૯૩ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૫૭૦.૩૭ કરોડનાં ૯,૮૨,૪૩૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૨૩.૮૨ કરોડનાં ૩,૩૧,૫૭,૫૦૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૩૮.૭૯ કરોડનાં ૧૧,૭૨૭ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૪૧.૫૯ કરોડનાં ૨,૨૮૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૧,૩૫૩.૮૭ કરોડનાં ૧૭,૫૮૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૧૬.૧૯ કરોડનાં ૧૨,૪૫૧ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૨.૬૫ કરોડનાં ૪૩૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૨૨.૬૪ કરોડનાં ૨૨૪.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૮૭૨.૯૦૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૩.૦૨૦ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૪૬૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૩,૪૮૬ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૯૦૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૩૩૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૦,૨૦,૭૪૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૮૬,૪૨,૨૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૮૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૬૨.૫૨ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૦.૨૮ કરોડનાં ૨૫૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૦૩ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૦૯૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૨૦ અને નીચામાં ૧૬,૦૭૦ બોલાઈ, ૫૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧૪ પોઈન્ટ વધી ૧૬,૦૮૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૧૫૪૮.૮૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૦૧૩.૮૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૪૮.૭૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૧૮૭.૧૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૮૯૮.૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૨૪૩.૦૫ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૧.૭૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૦૦.૯૦ અને નીચામાં રૂ.૨૬૩.૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪.૮૦ ઘટી રૂ.૨૮૦.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૩.૬૫ અને નીચામાં રૂ.૨.૧૫ રહી, અંતે રૂ.૦.૯૫ ઘટી રૂ.૨.૬૦ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૩૯.૫૦ અને નીચામાં રૂ.૯૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૩ વધી રૂ.૧૧૫ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૫૫ અને નીચામાં રૂ.૯૩ રહી, અંતે રૂ.૨૨ વધી રૂ.૧૧૭ થયો હતો.

ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૯૨૩.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૧૪ વધી રૂ.૧,૯૮૧.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૬૯૯ના ભાવે ખૂલી, રૂ.૧૬૮.૫૦ વધી રૂ.૧,૭૫૪.૫૦ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૭૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪.૯૯ વધી રૂ.૧૪.૧૯ જસત એપ્રિલ રૂ.૨૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૬ વધી રૂ.૪.૭૫ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૮૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૭૨.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૨.૪૦ અને નીચામાં રૂ.૨૬૦.૯૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧.૫૦ વધી રૂ.૨૬૯.૮૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૬.૪૦ અને નીચામાં રૂ.૪.૦૫ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૫.૭૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૦ અને નીચામાં રૂ.૩૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૫.૫૦ ઘટી રૂ.૪૮ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૯૯ અને નીચામાં રૂ.૫૦.૫૦ રહી, અંતે રૂ.૧૩૨.૫૦ ઘટી રૂ.૬૦ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૩૨૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૮૦.૫૦ ઘટી રૂ.૧,૨૭૫ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૧૩૩ના ભાવે ખૂલી, રૂ.૧૪૨.૫૦ ઘટી રૂ.૧,૧૭૫ થયો હતો. તાંબુ એપ્રિલ રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૮ થયો હતો.

# જનતા પરેશાન છે અને સરકાર માટે "આધાર - પાન લિંક" કરાવવાના ચસકા એ ધન કમાવાના નુસ્ખા" બની ગયા છે. : હેમાંગ રાવલ

- **રસિયો રૂપાળો બિલ ભરતો નથી"ના અધિકારીઓ પાસે ગીત ગવડાવતી સરકાર પાન કાર્ડ - આધાર કાર્ડ લિંક કરવાની વાત છેવાડાના માનવી સુધી કેમ પહોંચાડી શકાતી નથી? : હેમાંગ રાવલ**
- **આશરે ૧૩ કરોડ લોકોને આધાર - પાન લિંક કરવાના બાકી છે. જો ગણતરી કરીએ તો ૧૩ હજાર કરોડ રૂપિયા સરકાર જનતા જોડેથી લઈ લેશે. : હેમાંગ રાવલ**
- **સરકાર કલેકટર, તલાટી, સિટી સિવિક સેન્ટર, આધાર કેન્દ્રો, પોસ્ટ ઓફીસ જેવા અનેક વિભાગોને કામ વહેંચીને જનતા માટે આધાર-પાન લિંકની સુચારુ મદદ વ્યવસ્થા શા માટે ઉભી નથી કરતી : હેમાંગ રાવલ**
- **પહેલી એપ્રિલ ૨૦૨૩ ની ડેડલાઈન આપેલી છે કે જેના બાદ ૧૦૦૦૦ રૂપિયા દંડ અને પાનકાર્ડ ફ્રીજ થવાની વાત કરેલ છે તે મુદતને એક વર્ષ વધારીને જનતાને રાહત આપવામાં આવે : હેમાંગ રાવલ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા શ્રી હેમાંગ રાવલે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા જણાવ્યું હતું કે પાન કાર્ડ અને આધાર કાર્ડ લિંક કરવાનો વિષય ખૂબ જ પેચીદો છે, ગંભીર છે, એ એટલાં માટે કે, મને પણ હમણાં જ ખબર પડી કે ૨૦૨૨ એપ્રિલથી જૂન સુધી ૫૦૦/- દંડ હતો. જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ જાણતા હતા તે વાત સામાન્ય જનતા સુધી તો હજી પહોંચી જ નહોતી. ×રસિયો રૂપાળો બિલ ભરતો નથી× ના ગીત ગવડાવો છો પણ પાન કાર્ડ - આધાર કાર્ડ લિંક કરવાની વાત છેવાડાના માનવી સુધી કેમ પહોંચાડી શકાતી નથી? આ લિંક યોજના જો ૨૦૧૭ થી હોય તો લોકો સુધી વાત પહોંચી કેમ નહિ?

G - ૨૦ સમિટની મોટી જાહેરાતો અપાય તો ખૂણામાં નાની પાન કાર્ડની તારીખની જાહેરાત પણ આપી શકાય. આજે લોકોને જે તકલીફ પડી રહી છે તે ×પાડાના વાંકે પખાલીને ડામ× સમાન છે. કહેવામાં આવે છે કે, આ સિસ્ટમ ફ્રોડ લોકોને પકડવા માટે છે પરંતુ તેની માટે થઈને સામાન્ય માણસો પણ હેરાન થઈ રહ્યા છે. જે પ્રમાણે નોટબંધીમાં કહેવામાં આવ્યું હતું કે કાળા નાણાં બહાર આવશે પરંતુ પરિણામમાં માત્ર જનતાને હેરાનગતિ જ મળી. વાહન ખરીદતી વખતે, બેંકમાં ખાતું ખોલાવતી, વિધવા પેન્શન માટે, ગેસની બાટલો લેતી વખતે બધે જ પાન કાર્ડ - આધાર કાર્ડ આપવું પડે છે. શું સરકાર જાતે આધાર - પાન લિંક કરવાનું કામ નથી કરી શકતી?

આશરે ૧૩ કરોડ લોકોને આધાર - પાન લિંક કરવાના બાકી છે. જો ગણતરી કરીએ તો ૧૩ હજાર કરોડ રૂપિયા સરકાર જનતા જોડેથી લઈ લેશે. અને પાછું આધાર - પાન લિંક કરવું ધારીએ એટલું સહેલું પણ નથી... સૌથી પહેલા તો ગામડામાં રહેનાર ઘણાં એવા લોકો છે જેમને મોબાઈલ નંબર આધાર કાર્ડ જોડે લિંક નથી. જેમની પાસે મોબાઈલ છે એમના નંબર બદલાઈ ગયા છે કે બીજી તકલીફ છે. જો મોબાઈલમાં એસ.એમ.એસ. નહિ આવે તો પણ લિંક નહિ થાય. જો આધાર કાર્ડમાં નામ તમારું ખોટું છે તો પાછું તમારે આધાર ઓફિસે જઈને રીન્યુ કરવા જવાનું. તેમાં ઘણાં દિવસો પસાર થાય તેવી સ્થિતિ છે.

જો પાન કાર્ડમાં નામ, જન્મ તારીખ કે કઈ ખોટું છે તો તમારે એ સુધારાવા જવું પડશે. તેમાં પાછા ૧૦૦૦/- ભરાવશે. તે સિવાય સુધારો નહિ થાય. લિંક કરાવતી વખતે અસેસમેન્ટ યર સિલેક્ટ કરવાનું હોય છે જો ભૂલથી પણ તેમાં ૨૦૨૨-૨૩ નાખ્યું તો તમારા ૧૦૦૦/- ગયા... એટલે ૨૦૨૩-૨૪ પસંદ કરવાનું રહેશે.

પેમેન્ટ કરવામાં ભણેલા ગણેલા લોકો પણ મૂંઝવણમાં મુકાઇ જાય છે. તેની અંદર નેટ બેક્કિંગમાં અમુક સિલેક્ટેડ બેંક જ આપેલી છે. બાકી તમારે ડેબિટ કાર્ડ અને યુ.પી.આઈ. મારફતે પે કરવું પડે. અને જો તેના મારફતે કરો તો એનો પણ પાછો વધારાનો સર્વિસ ચાર્જ તમારે આપવાનો હોય છે.

૮૦ વર્ષથી ઉપરના નાગરિકોને અને દ્રઈંને મુક્તિ આપવામાં આવી છે તેમ કહ્યું છે પરંતુ અત્યારે જો તમે કોઈ સિનિયર સિટીઝનનું કે દ્રઈં નું પાન કાર્ડ નાખો અને આધાર કાર્ડ લિંક કરવા જાવ તો સાઈટ હાલ જ તમને લિંક કરવાનું કહેશે, ૧૦૦૦/- ભરવાનું કહેશે. મુક્તિ આપી છે, ડેટા છે તો તેમને લિંક કરવાનું શા માટે કહો છો?... આ તો અત્યારે ખબર પડી જેમને નથી ખબર પડી તેમના તો ૧૦૦૦/- લઈ લેવામાં આવ્યા છે, એન.આર.આઈ. કેટેગરીમાં પણ આ જ વસ્તુ થઈ રહી છે. જો મુક્તિ આપી છે તો બતાવો છો શું કામ? પ્રોપર ડેટાબેઝનો અને મેનેજમેન્ટનો અહીં અભાવ છે.

ગામડાના લોકો, સામાન્ય જનતા, ગરીબ લોકોને તો ખબર જ નથી કે કેવી રીતે લિંક કરવાનું છે. સરકાર જેમ કહે છે કે ૧ એપ્રિલથી તેમનું પાનકાર્ડ બ્લોક થઈ જશે અને તેઓ કોઈ પણ સરકારી યોજનાનો લાભ નહિ મેળવી શકે. વિધવા સહાયનું પેન્શન, ખેડૂતની સહાય, સુકન્યા સહાય જેવી ઘણી બાબતો અટકી જશે. અને પાન કાર્ડ ચાલુ કરાવવા રૂ ૧૦,૦૦૦ નો દંડ થશે. આ દંડ ગરીબ અને મધ્યમવર્ગની પહોંચની બહાર છે

સરકાર આખરે જનતાને આટલી દોડધામ શું કામ કરાવે છે? જો ઈક્મ ટેક્સ વિભાગ પાસે ઓછો સ્ટાફ હોય તો તેઓ કલેકટર, તલાટી, સિટી સિવિક સેન્ટર, આધાર કેન્દ્રો, પોસ્ટ ઓફીસ જેવા અનેક વિભાગોને કામ વહેંચીને કામની ગોઠવણી કરીને જનતા માટે આધાર-પાન લિંકની સુચારુ વ્યવસ્થા ઉભી કરી શકે છે. પણ અહીં ચોખ્ખું દેખાય છે કે ગોઠવણનો અભાવ છે જે માત્ર જનતાની મુશ્કેલીઓમાં વધારો કરે છે અને ઉદ્દેશ્ય માત્ર પેનલ્ટી દ્વારા રૂપિયા મેળવવાનો જ હોય એમ લાગે છે

ફાસ્ટ ટેગ આવ્યું ત્યારે જે વ્યવસ્થા હતી તે સુચારુ હતી. કોઈ પણ વ્યક્તિ તેના વાહનના કાગળ બતાવી રૂપિયા ચૂકવી ટોલ નાકેથી ટેગ મેળવી શકતા હતા. અને જેમની પાસે ટેગ ન હોય તેમની પાસેથી ત્યારે કોઈ દંડ વસૂલવામાં નહોતો આવ્યો. ટુંકમાં, એવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ કે ગરીબ - સામાન્ય માણસના ખિસ્સે ભાર ન આવે. તે કોઈ સરકારી યોજનાનો લાભ લેવા જાય ત્યારે ત્યાં એના માટે જે તે જગ્યાએ વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

આજે દેશ અને ગુજરાતના ગામડાઓ ગરીબ, ખેડૂતો, મજૂરો અને શહેરોમાં મધ્યમવર્ગના પરિવારોમાં ખુબજ અફડાતફડીનો માહોલ છે. ફ્રોડ લિંક દ્વારા લેભાગુઓ છેતરપિંડીનો કારસો રચી રહયાં છે અને ગેરકાયદેસર એજન્ટો ૧૦૦૦ની જગ્યાએ ૧૨૦૦, ૧૫૦૦ લઈને લિંક કરાવી રહ્યા છે.

ડુંગળીના ભાવ વધારા વખતે વખતે પૂછાયેલા પ્રશ્નોનો જવાબ આપતા નાણામંત્રી શ્રીમતિ નિર્મલા સીતારમને કહ્યું હતું કે હું ડુંગળી ખાતી નથી એટલે મને ખબર નથી એ વિદ્વાન નાણામંત્રીને કદાચ પાનકાર્ડ અને આધાર કાર્ડ લિંકમાં થતી મુશ્કેલીઓનો અંદાજ નહીં હોય છતાં પણ તેમને નમ્ર વિનંતી થી રજૂઆત કરીએ છે કે પાન અને આધાર લિંક કરવા માટે લીધેલા દંડને ઈક્મટેક્સમાં ક્રેડિટ આપીને જનતાને રાહત આપે અને જે લોકોના લિંક નથી થયા તેમના માટે સરકાર તરફથી સુચારુ વ્યવસ્થા થાય અને પહેલી એપ્રિલ ૨૦૨૩ ની ડેડલાઈન આપેલી છે કે જેના બાદ ૧૦૦૦૦ રૂપિયા દંડ અને પાનકાર્ડ ફ્રીજ થવાની વાત કરેલ છે તે મુદતને એક વર્ષ વધારીને જનતાને રાહત આપવામાં આવે

૧૩ કરોડ વ્યક્તિઓ પાસેથી ૧,૦૦૦/- રૂપિયા ૩૧ માર્ચ પહેલા અને પછી ૧૦,૦૦૦/- રૂપિયાની વસુલાત કરવાની જાહેરાત પછી લાગે છે કે, સરકાર માટે 'આધાર - પાન લિંક કરાવવાના ચસકા એ ધન કમાવાના નુસ્ખા' બની ગયા છે.

# ચીને પણ માન્યું એલએસી પર બંને દેશો વચ્ચે સ્થિતિ નાજુક : ભારતમાં ચીની દૂતાવાસના પ્રભારી

### બંને પક્ષો સરહદ પર સ્થિતિને નિયંત્રિત કરવા માટે વાતચીત કરી રહ્યા છે

નવીદિલ્હી,તા.૨૩

ચીને ભારત સાથેના સંબંધોને લઈને ઘણી વાત કરી છે. ચીને કહ્યું છે કે, તે ભારત સાથે યુદ્ધ નથી ઈચ્છતું. ભારતમાં ચીની દૂતાવાસના પ્રભારી મા જિયાએ કહ્યું હતું કે, લદ્દાખમાં એલએસી નજીક બગડતી પરિસ્થિતિને કારણે ભારત અને ચીન વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ હશે, પરંતુ વાસ્તવમાં બંને પક્ષો સરહદી વિસ્તારોમાં યુદ્ધ ઈચ્છતા નથી. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન જિયાએ કહ્યું કે, સરહદ પર સ્થિતિ સ્થિર છે. તેમણે કહ્યું કે બંને પક્ષો સરહદ પર સ્થિતિને નિયંત્રિત કરવા માટે વાતચીત કરી રહ્યા છે.

તે જ સમયે, જ્યારે ચીનના રાજદૂતને પૂછવામાં આવ્યું કે, ભારતના વિદેશ પ્રધાન એસ જયશંકરે તાજેતરમાં કહ્યું હતું કે, સરહદ પર પરિસ્થિતિ ખૂબ જ નાજુક છે, તેના જવાબમાં જિયાએ કહ્યું કે, આ જ કારણ છે કે બંને પક્ષો રાજદ્વારી અને લશ્કરી ચેનલો દ્વારા વાતચીત કરી રહ્યા છે.

તેમણે કહ્યું કે, ઉસ્ઞઝ (ભારત-ચીન બોર્ડર અફેર્સ પર કન્સલ્ટેશન એન્ડ કોઓર્ડિનેશન માટે વર્કિંગ મિકેનિઝમ) અને કમાન્ડર લેવલની બેઠકમાં આ અંગે ચર્ચા થઈ રહી છે, કારણ કે અહીં કેટલીક સમસ્યાઓ છે. આપણે તેનો સામનો કરવો પડશે. ઝિયાએ વધુમાં કહ્યું કે, અમને ખાતરી છે કે ચીન અને ભારત યુદ્ધ ઈચ્છતા નથી. અમારામાંથી કોઈ પણ પક્ષ સરહદી વિસ્તારોમાં યુદ્ધ ઈચ્છતા નથી.

જિયાએ કહ્યું કે, જ્યાં સુધી અમારી પાસે આ પ્રકારનો ઈરાદો છે અને એકબીજાની સમજ છે ત્યાં સુધી મને ખાતરી છે કે અમે કોઈને કોઈ રસ્તો શોધી કાઢીશું. તેમણે કહ્યું કે સીમા મુદ્દે સમજૂતી સુધી પહોંચવું સરળ નથી, કારણ કે તે ખૂબ જ જટિલ સમસ્યા છે. જિયાએ કહ્યું કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બનાવવામાં આવેલી સર્વસંમતિ બંને પક્ષોને માર્ગ શોધવામાં મદદ કરી શકે છે.

તાજેતરમાં જ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે ચીન સાથે ભારતના સંબંધોને લઈને મોટી વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, પૂર્વી લદ્દાખમાં એલએસીની સ્થિતિ ખૂબ જ નાજુક અને ખતરનાક છે.

તેમણે કહ્યું હતું કે, જ્યાં સુધી સરહદ પરની સમસ્યાનું સમાધાન નહીં થાય ત્યાં સુધી ચીન સાથેના સંબંધો સામાન્ય નહીં થાય. તમને જણાવી દઈએ કે, ત્રણ વર્ષ પહેલા પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં ચીન અને ભારતીય સેના વચ્ચે જબરદસ્ત અથડામણ થઈ હતી.

આ દરમિયાન બંને દેશોના ઘણા સૈનિકો શહીદ થયા હતા. આ ઘટના બાદ અરુણાચલ પ્રદેશના તવાંગમાં બંને દેશોની સેનાઓ વચ્ચે અથડામણ થઈ હતી.

# પોલીસે જૂતાથી નવજાતને કચડી નાખ્યું? માસૂમના મોત બાદ ભારે બબાલ

ગિરિડીહ,તા.૨૩

ઝારખંડના ગિરિડીહથી એક હચમચાવી નાખતો મામલો સામે આવ્યો છે. વાત જાણે એમ છે કે અહીં પોલીસના દરોડા દરમિયાન પોલીસકર્મીઓએ પગથી કથિત રીતે ૪ દિવસના એક બાળકને કચડ્યો અને તેના મોતની ઘટના સામે આવી છે. ઘટના બાદથી વિપક્ષ હેમંત સોરેન સરકાર પર આકરા પ્રહાર કરી રહ્યો છે. પોલીસની કાર્યવાહી ઉપર સવાલ ઉઠાવી રહ્યા છે. આ બધા વચ્ચે મુખ્યમંત્રી હેમંત સોરેને આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે. આ ખૌફનાક ઘટના ગિરિડીહમાં દેવરી પોલીસ મથકના કોશોદિંધી ગામમાં ઘટી છે. પોલીસ એક બિનજામીનપાત્ર વોરંટ કેસમાં બે લોકોને પકડવા માટે એક ઘરમાં પહોંચી હતી. ઘટના બાદ વિપક્ષી પાર્ટી ભાજપે સીનિયર પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાની માગણી કરી છે.

ગિરિડીહના એસપી અમિત રેણુએ કહ્યું કે આરોપ છે કે કોર્ટ તરફથી ઈશ્યુ થયેલા બે બિનજામીનપાત્ર વોરંટનો અમલ કરવા માટે જયારે પોલીસકર્મી પહોંચ્યા તો ચાર દિવસના નવજાતનું મોત થયું. પ્રાથમિક તપાસમાં નવજાત બાળકના શરીરના બહારના ભાગ પર ઈજાના નિશાન નથી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ સ્થિતિ સ્પષ્ટ થશે કે શું થયું હતું.

તેમણે એમ પણ કહ્યું કે ડોક્ટરોની એક ટીમ મેજિસ્ટ્રેટની નિગરાણીમાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરશે. તેની વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે. અમારી પાસે હાલ એવી કોઈ જાણકારી નથી કે પોલીસે નવજાતને કચડ્યું હોય. આરોપ સાચા પડશે તો દોષિત પોલીસકર્મીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી થશે. એસપી અમિત રેણુએ કહ્યું કે ૪-૫ પોલીસકર્મી મૃત નવજાતના દાદા ભૂષણ પાંડે અને અન્ય એક આરોપી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ લઈને પહોંચ્યા હતા. નોંધનીય છે કે સીએમ સોરેને ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

# માવઠાએ રેકોર્ડ તોડ્યો ! વરસેલા વરસાદે ૧૭ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો

મુંબઇ,તા.૨૩

મુંબઈમાં ૧૬.૬ એમએમ વરસાદ નોંધાયો હતો, જે ૨૦૦૬ પછી માર્ચ મહિનામાં એક જ દિવસમાં સૌથી વધુ વરસાદ છે. મહત્વનું છે કે ભારતીય હવામાન વિભાગે આ માહિતી આપી છે. મુંબઈ સ્થિત વૈજ્ઞાનિક સુષ્મા નાયરે જણાવ્યુ હતુ કે સાન્તાક્રુઝ વેધશાળામાં ૧૦ માર્ચ ૨૦૦૬ના રોજ ૧૧.૯ મીમી વરસાદ નોંધાયો હતો.તેમણે વધુમાં કહ્યું હતુ કે મંગળવારે છેલ્લા ૧૭ વર્ષમાં એક દિવસમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. અગાઉ ૧૯૧૮માં,કોલાબા વેધશાળાએ મુંબઈમાં માર્ચ મહિનામાં અત્યાર સુધીનો સૌથી વધુ એક દિવસનો ૩૪.૩ મીમી વરસાદ નોંધાયો હતો.

તમને જણાવી દઈએ કે માર્ચ મહિનામાં મુંબઈમાં વરસાદ ખૂબ જ સામાન્ય છે. આઈએમડીએ જણાવ્યું કે અરબી સમુદ્રમાંથી પશ્ચિમી પવન અને ભેજ આવવાને કારણે આ વરસાદ થયો છે. મંગળવારે મુંબઈના વિવિધ ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ થયો હતો. આ ઉપરાંત શહેરમાં ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો હતો. મુંબઈની સાથે થાણે, નવી મુંબઈ, રાયગઢમાં મધ્યમ વરસાદ જોવા મળ્યો હતો.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,મહારાષ્ટ્રના અહેરીમાં આગામી કેટલાક દિવસો સુધી વરસાદ ચાલુ રહેવાની શક્યતા છે.

NEWS OF GANDHINAGAR_P-3

